# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૮ (A) તા.૨૧-૯ -૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- બાળકોની જલપુંજી કાર્યક્રમની ટેલીકોન્ફરન્સ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/સંકલન/જલપુંજી/૨૦૧૭/૮૩૦૯-૬૨ તા.૨૦-૯-૧૭નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે પાણી પુરવઠા વિભાગ દ્વારા આગામી દિવાળીમાં 'બાળકોની જલપુંજી' કેમ્પની શરૂઆત કરવામાં આવનાર છે. જેમાં પ્રાથમિક શાળાઓનાં ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. પ્રા. શાળાના વિદ્યાર્થીઓને જળનું મહત્વ અને તેના ઉપયોગ વિશેનું માર્ગદર્શન આપવા માટે બાયસેગ દ્વારા તા.૨૬-૯-૧૭ના રોજ બપોરે ૩-૦૦ થી ૫-૦૦ કલાક દરમ્યાન લાઈવ ટેલીકાસ્ટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. તો તમારી શાળાના પ્રાથમિક શિક્ષકો તથા વિદ્યાર્થીઓ આ લાઈવ ટેલીકાસ્ટ અચૂક નિહાળે તેવું આયોજન કરવું.

તા.૨૧-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**નોંધ :- શહેર કક્ષાની ગરબા સ્પર્ધા તા.૨૬-૯-૧૭ને મંગળવારના રોજ ૮-૦૦ કલાકે કુશાભાઉ ઠાકરે હોલ, સિંધવાઈ માતાના મંદિર પાસે, સી.ટી.એમ. ખાતે થનાર છે.**

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૮ (B) તા.૨૧-૯ -૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તા.૧ ઓકટોબર ૨૦૧૭ થી ૭ ઓકટોબર ૨૦૧૭ સુધી કાંકરિયા પ્રાણીસંગ્રહાલય ખાતે વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે.

તા.૧ ઓકટોબર ૨૦૧૭ થી ૭ ઓકટોબર-૨૦૧૭ સુધીના અઠવાડિયા દરમ્યાન શાળાના બાળકોને વન્ય પ્રાણીઓનો પરિચય થાય તેમજ વન્ય પ્રાણીઓ વિષે વધુ માહિતગાર થાય તે હેતુથી આ અઠવાડિયા દરમ્યાન ૧૨ વર્ષ સુધીના બાળકોને સોમવાર સિવાય પ્રાણીસંગ્રહાલય(ઝૂ)માં સવારમાં ૯-૦૦ થી બપોરના ૧૨-૦૦ વાગ્યા સુધી વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે.

કાંકરિયા પરિસરમાં શૈક્ષણિક પ્રવાસે આવતા શાળાના બાળકોને મુખ્ય શિક્ષકશ્રીના લેટરપેડ ઉપર લેખિત અરજી કાંકરિયા પરિસરના ગેટ ઉપર રજૂ કર્યેથી બાળક દીઠ રૂા.૧/- ચૂકવવાથી પ્રવેશ મળશે. જેને શાળાની અનુકુળતા પ્રમાણે સ્થાનિક પ્રવાસના આગોતરા આયોજન અંગે વિચારી શકાય.

તા.૨૧-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૮ (C) તા.૨૧-૯ -૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શાળા સલામતિ અંતર્ગત ફાયર મોકડ્રીલના આયોજન બાબત.

સંદર્ભ :- નં.ડીએમડી/શાળા સલામતી/મોકડ્રીલ/વશી.૨૦૧૭ તા.૧૯-૯-૧૭નો જિલ્લા કલેકટરશ્રીનો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય સંદર્ભે જણાવવાનું કે આગામી સમયમાં દિવાળીના તહેવારો આવી રહ્યા છે. દિવાળીના તહેવાર પ્રસંગે વિદ્યાર્થીઓ સલામતીપૂર્વક ફટાકડા ફોડે તે અનિવાર્ય છે. આથી શાળામાં તા.૨૫-૯-૧૭ના રોજ પ્રાર્થના સભામાં ફટાકડા ફોડવાથી થતા ઘોંઘાટ, પ્રદુષણ તથા આગના જેવી ઘટનાઓ સામે કેવી રીતે જાગૃતિ કેળવાય તે માટે જાણકારી આપવી. આ બાબતની જાણ વાલીઓ સુધી પણ પહોંચાડવી.

આ બાબતે નજીકના ફાયર બ્રિગેડ ઓફિસનો સંપર્ક કરી તેઓ પાસેથી જાગૃતિ માટેના ફાયર મોકડ્રીલનો પણ કાયક્રમ યોજી શકાય. આ ઉપરાંત શાળામાં આ બાબતે પોસ્ટર કે બેનર દ્વારા પણ જાગૃતિ કેળવી શકાય તે માટે પ્રયત્નો હાથ ધરાય.

તા.૨૧-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી